પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 18-11-2024, Morning : 7.10 to 7.20

Day: MONDAY, Regional News

1) રાજ્યમાં 61 માર્ગોની પહોળાઈ વધારવા બે હજાર 995 કરોડ રૂપિયાની મંજૂરી
2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી ગુજરાતની બે દિવસની મુલાકાતે
3) દિવાળી વેકેશન બાદ આજથી સ્કૂલો, કોલેજોમાં શૈક્ષણિક કાર્ય શરૂ થશે
4) રાજ્યમાં મોડી રાત્રે અને વહેલી સવારે ઠંડીનો પ્રારંભઃ 10 શહેરોમાં સરેરાશ લઘુતમ તાપમાન 20 ડિગ્રીથી નીચે
5) કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલીમાં 68મી નેશનલ સ્કૂલ ગેમ્સ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટનો પ્રારંભ

---

CM – TRANSPORTATION

રાજ્યમાં ભારે ટ્રાફિક ધરાવતા રસ્તાઓને વધુ સરળ-સલામત અને ઝડપી વાહન વ્યવહાર યોગ્ય રાખવા 61 માર્ગોની પહોળાઈ વધારવા 2 હજાર 995 કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યાં છે. સતત વધતા વિકાસને પરિણામે રાજ્યમાં વધી રહેલા વાહન વ્યવહારને કેરેજ-વેની જરૂરી પહોળાઈ સાથેના માર્ગો ઉપલબ્ધ કરાવવાનો ઇઝ ઓફ ટ્રાન્સપોર્ટેશન માટે રાજ્ય સરકારે આ નિર્ણય કર્યો છે.

રાજ્યના 21 રસ્તાઓની 203.41 કિલોમીટર લંબાઇને ફોર લેન કરવા 1 હજાર 646.44 કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. જ્યારે 15 માર્ગોની 221.45 કિલોમીટર લંબાઇને 10 મીટર પહોળા કરવા 580 કરોડ કરતાં વધુ રૂપિયાઅને 25 રસ્તાઓની 388.89 કિલોમીટર લંબાઇને 7 મીટર પહોળા કરવા 768 કરોડ કરતા વધુ રૂપિયાની રકમ મંજૂર કરી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ગઈકાલે ધંધુકામાં 246 કરોડથી વધુના 184 વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીએ કહ્યું હતું કે ભાલ પ્રદેશ તીવ્ર ગતિએ વિકસી રહ્યો છે.

આ વિસ્તારમાં એક હજાર કરોડ રૂપિયાના વિકાસકાર્યો પ્રગતિ હેઠળ છે. ધંધૂકાની મુલાકાત દરમિયાન તેમણે પદ્મશ્રી જોરાવરસિંહ જાદવ દ્વારા નિર્મિત લોકકલા સંગ્રહાલય 'વિરાસત'ને ખુલ્લું મૂક્યું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોતાના ધંધુકા પ્રવાસ દરમિયાન રેસ્ટ હાઉસ ખાતે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી મ્યુઝીયમનું લોકાર્પણ કર્યું હતું. તેમણે ધંધુકા સ્થિત RMS હોસ્પિટલની મુલાકાત લઇને સરદાર પટેલ હેલ્થ ફાઉન્ડેશનના ટ્રસ્ટીઓ સાથે બેઠક યોજીને હતી

---------------------------------------------------------------------

Amit Shah

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી ગુજરાતની મુલાકાતે આવશે. ગાંધીનગરના સાંસદ શ્રી શાહ આજે સાંજે સાત વાગે ઓગણજ પાસેના એક ફાર્મ ખાતે ઘાટલોડિયા વિધાનસભા સ્નેહ મિલન સમારોહમાં ઉપસ્થિત રહેશે.

રાષ્ટ્રીય રક્ષા શક્તિ યુનિવર્સિટી ખાતે સાયન્સ કોંગ્રેસના કાર્યક્રમમાં હાજરી આપશે.

---------------------------------------------------------------------

Rajkot Nagrik Sahkari Election

રાજકોટ નાગરીક સહકારી બેંક લી.ના બોર્ડ ઓફ ડિરેકટર્સની ચૂંટણી ગઈ કાલે શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ છે. બેંકના ડેલિગેટ્સ મતદારોએ ઉત્સાહપુર્વક મતદાન કરતા સાંજે ૪.૦૦ વાગ્યે મતદાનનો સમય પૂર્ણ થવા સુધીમાં સાત મતદાન મથકો પર કુલ ૯૬.૩૯% મતદાન નોંધાયું છે. પરિણામ આવતી કાલે જાહેર થશે.

આ ચૂંટણીમાં રાજકોટ શહેર, જેતપુર, મોરબી, જસદણ, અમદાવાદ, સુરત તથા મુંબઇ એમ સાત શહેરોમાં મતદાન મથક બનાવવામાં આવ્યા હતા. રાજકોટ મતક્ષેત્રની ૧૩ સામાન્ય બેઠકો માટે કુલ ૨૩ ઉમેદવાર તથા બે અનામત બેઠક માટે કુલ ૩ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી.

મુક્ત અને ન્યાયી ચૂંટણી અર્થે ચૂંટણી તંત્ર દ્વારા ૨૪×૭ "વોટર હેલ્પલાઇન" શરૂ કરવામાં આવી હતી, તથા તમામ મતદાન મથકો પર ૨૪×૭ "વેબ કાસ્ટિંગ" દ્વારા નિરિક્ષણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત, મતદારોની સગવડ માટે ૮૦ વર્ષથી વધુ ઉમરનાં ૩ મતદારોને ઘરેથી લઇ આવવા-મુકવા જવાની વ્યવસ્થા કરવામાં આવી હતી તેમજ તમામ દિવ્યાંગ મતદારો માટે વ્હિલચેર સહિતની વ્યવસ્થાઓ કરવામાં આવી હતી.

-------------------------------------------------------------------

Ramdas Athwale in Kutch

કેન્દ્રિય સામાજિક ન્યાય અને સશક્તિકરણ રાજ્યમંત્રી રામદાસ આઠવલે ગઈ કાલે કચ્છ જિલ્લાની મુલાકાતે આવ્યા હતા. તેમણે ગાંધીધામ ખાતે જિલ્લા કલેક્ટર અમિત અરોરા સહિતનાં અધિકારીઓ સાથે બેઠક યોજી હતી.

જિલ્લા કલેક્ટરને શ્રી આઠવલેને ભૂકંપ બાદ કચ્છ જિલ્લામાં ઉદ્યોગોનું આગમન અને નર્મદાનું પાણી આવવાથી થયેલા પરિવર્તનની માહિતી આપી હતી.

આ ઉપરાંત શ્રી આઠવલેને અનુસૂચિત સહકારી મંડળીઓને જમીનના હક્કો અપાવવા, અનુસૂચિત જાતિની યોજનાઓનું કચ્છમાં અમલીકરણ, જિલ્લામાં અનુસૂચિત જાતિની વસ્તી અને કલ્યાણકારી કાર્યક્રમો અંગે વિગતવાર જાણકારી આપવામાં આવી હતી.

-------------------------------------------------------------------

Schools, colleges

દિવાળી વેકેશન બાદ આજથી સ્કૂલો, કોલેજોનાં શૈક્ષણિક કાર્ય શરૂ થશે. ગુજરાત શિક્ષણ બોર્ડ હેઠળની રાજ્યની તમામ સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી સહિતની ધોરણ -1 થી 12ની શાળાઓ તથા કોલેજોમાં આજથી દિવાળી વેકેશન બાદના બીજા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે.

આમ આજથી શાળા કોલેજો ફરીથી ધમધમતા થશે. આજથી શરૂ થતું આ સત્ર આગામી પાંચમી મે સુધી ચાલશે.

-----------------------------------------------------------------

National Testing Agency

નેશનલ ટેસ્ટીંગ એજન્સીએ દેશની મેનેજમેન્ટ સંસ્થાઓમાં પ્રવેશ માટેની કોમન મેનેજમેન્ટ એડમીશન ટેસ્ટ સીમેટ માટે અરજી પ્રક્રિયાને પ્રારંભ કર્યો છે. સીમેટ માટેના ફાર્મ 13 ડિસેમ્બર સુધી ભરી શકાશે. પરીક્ષા માટેની ફી 14 ડીસેમ્બર સુધીમાં જમા કરાવી શકાશે. 15 થી 17 ડીસેમ્બર સુધીમાં ફોર્મમાં સુધારો કરી શકાશે.

ઉલ્લેખનીય છે કે, સીમેટ પરીક્ષા આગામી 25 જાન્યુઆરીએ યોજાશે.

-----------------------------------------------------------------

MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

-----------------------------------------------------------------

BRICS – GUJ. UNI. CAMPUS

ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ ખાતે શનિવારે બ્રિક્સ રાષ્ટ્રો દ્વારા ત્રણ દિવસીય BRICS એજ્યુકેશન એક્સપેડીશન યોજવામાં આવ્યું હતું. બ્રિક્સ અને બ્રિક્સ સહિતના રાષ્ટ્રો વચ્ચે સહકારને પ્રોત્સાહન આપવા માટે આ કાર્યક્રમ યોજાયો હતો.. ભારતના 20 શહેરોમાંથી 100 યુવાઓએ ભાગ લીધો હતો. આ અભિયાનમાં પ્રશિક્ષણ અને સહયોગી સત્રો યોજાયા હતા.

BEE આંતરરાષ્ટ્રીય યુવા સહકાર "રશિયા-બ્રિક્સ", યુથ અફેર્સ માટેની ફેડરલ એજન્સી, રશિયા, બ્રિક્સ યુથ એલાયન્સ ઇન્ડિયા, ગુજરાત યુનિવર્સિટી અને ગયુસેક માટે પ્રોજેક્ટ ઓફિસના સહયોગથી યોજાઈ રહી છે. આ પ્રસંગે ગુજરાત યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર, નીરજા ગુપ્તાએ જણાવ્યું હતું કે, આ કાર્યક્રમ દ્વારા સૌથી પ્રતિભાશાળી યુવાનોને BRICS સાથે જોડવા માટે પહેલ છે જે યુવાનોમાં સહાનુભૂતિ, સાંસ્કૃતિક સમજણ અને વિશ્વ પ્રત્યેની જવાબદારીની ભાવનાને ઉપજાવશે.

આ કાર્યક્રમ માટે ભારતમાં આવેલા બ્રિક્સ એજ્યુકેશન એક્સપેડીશન ના વડા ડાયના કોવેલાએ જણાવ્યું હતું કે, "બ્રિક્સ એજ્યુકેશન એક્સપેડીશનના વિચારને કઝાનમાં તાજેતરના બ્રિક્સ સમિટ દરમિયાન આધાર મળ્યો હતો. બ્રિક્સ દેશોના વડાઓ દ્વારા હસ્તાક્ષર કરાયેલ કાઝાન ઘોષણાપત્રમાં સહકાર અને પ્રોત્સાહન આપવાનું વચન આપવામાં આવ્યું હતું.

-----------------------------------------------------------------

WEATHER

રાજ્યમાં ધીમે ધીમે ઠંડીમાં વધારો થઈ રહ્યો છે. શનિવારે રાત્રે રાજ્યનાં 10 શહેરોમાં લઘુત્તમ તાપમાન 20 ડિગ્રી સેલ્સિયસથી નીચે નોધાયું હતું. પવનની દિશા બદલાવાથી અને સુકો અને ઠંડો પવન ફુંકાવાથી આગામી બે દિવસમાં લઘુતમ તાપમાન ત્રણ ડિગ્રી ઘટવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

રાજ્યમાં સૌથી નીચું 15.8 ડિગ્રી તાપમાન ગાંધીનગરમાં નોંધાયું હતું. અમદાવાદમાં 15.8, દાહોદમાં 16, નલિયામાં 16.7, રાજકોટમાં 17.7, અમરેલીમાં 17.8 ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું.

ગઈ કાલે અમદાવાદમાં મહત્તમ તાપમાન 33.8 ડિગ્રી નોંધાયું હતું.

-----------------------------------------------------------------

## National School games TT

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલીમાં 68મી નેશનલ સ્કૂલ ગેમ્સ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટનો પ્રારંભ થયો હતો. 17 વર્ષથી નીચેની વયના બાળકો અને છોકરીઓની આ સ્પર્ધા 21 નવેમ્બર સુધી સરકારી પોલીટેકનિક કોલેજના ઇન્ડોર સ્પોર્ટ્સ હોલમાં યોજાશે. દાદરા નગર હવેલીના પ્રશાસકના સલાહકાર અમિત સિંગલાના હસ્તે સ્પર્ધાનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

કરાડ ગ્રાઉન્ડ ખાતે 33 રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશનાં સહભાગીઓ દ્વારા માર્ચ પાસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં 462 ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે.

---

## Fencing Under

શાળાકીય નેશનલ ફેન્સીંગ અંડર 17 ટુર્નામેન્ટમાં ગુજરાતના ભાઈઓ તથા બહેનોની ટીમે કાંસ્ય ચંદ્રક જીત્યા છે.

જમ્મુ ખાતે ચાલી રહેલી 68મી શાળાકીય નેશનલ ફેન્સીંગ અંડર 17 સ્પર્ધામાં ભાઈઓની ઇવેન્ટમાં ભૌતિક, આર્યન, નિકેશ અને હર્ષની ટીમે તો બહેનોની ટીમ ઇવેન્ટમાં દિપા, રિદ્ધિ, અંજલી અને જાગૃતિની ટીમે કાંસ્ય ચંદ્રક જીતતા સ્પર્ધાના પ્રથમ દિવસે રાજ્યને બે કાંસ્ય ચંદ્રક મળ્યા છે.

---

## Ranji Trophy

રણજી ટ્રોફી ટૂર્નામેન્ટનો પ્રથમ તબક્કો પૂર્ણ થયો છે. 11 ઓક્ટોબરથી શરૂ થયેલી આ ટૂર્નામેન્ટનો પ્રથમ તબક્કો 16 નવેમ્બરે પૂર્ણ થયો છે. બે તબક્કામાં યોજાયેલી આ ટૂર્નામેન્ટનો બીજો તબક્કો આગામી જાન્યુઆરીમાં શરૂ થશે.

પ્રથમ તબક્કામાં દરેક ટીમ 5-5 મેચ રમી હતી. જેમાં બરોડા, વિદર્ભ અને ચંદીગઢ અનુક્રમે ગ્રૂપ-એ, બી અને ડી માં સૌથી મેચ જીતી ટોચના ક્રમે છે.

---

Philately

ટપાલ વિભાગ દ્વારા ગાંધીનગર ખાતે આવતીકાલથી બે દિવસીય ફિલાટેલી ઉત્સવનું આયોજન કરાયું છે. આ બે દિવસીય પ્રદર્શનનો ઉદેશ્ય ટપાલ ટીકિટો, ટપાલ ઇતિહાસ અને અન્ય ફિલાટેલી સંબંધિત વસ્તુઓના અભ્યાસ અને સંગ્રહને પ્રોત્સાહન આપવાનો છે.

આ પ્રદર્શનમાં દુલર્ભ ટપાલ ટીકિટોનું વેચાણ ઉપરાંત પત્ર લેખન, ક્વિઝ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, ટીકીટ ડિઝાઇનિંગ જેવી સ્પર્ધાઓ યોજાશે.

---

LOKARPAN - TAPI, VALSAD

તાપી જિલ્લાના સોનગઢના ધજાંબા ખાતે શ્રમ અને રોજગાર રાજ્યમંત્રી કુંવરજી હળપતિએ 'કિસાન પથ યોજના વર્ષ 2023-24" અંતર્ગત 421 લાખ 85 હજાર રૂપિયાના ખર્ચે નિર્માણ પામનાર પાકા રસ્તાનું ખાતમુહુર્ત કર્યું. જેમાં આમલીપાડા, ઉખલદા, ધજાંબા, વેલઝરને જોડતા રસ્તાઓનો સમાવેશ થાય છે.

જ્યારે વલસાડમાં આજે લોકસભા દંડક ધવલ પટેલ અને ધારાસભ્ય ભરત પટેલના હસ્તે વલસાડ નગરપાલિકાના વિકાસના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. જેમાં અમૃત યોજના હેઠળ 30 કરોડ 43 લાખ તથા નિર્મળ યોજના હેઠળ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં બ્યુટીફીકેશન માટે અંદાજે 19 લાખ 56 હાજરથી વધુ, ધમડાચી ગામે જિલ્લા કક્ષાના મોડેલ ફાયર સ્ટેશન બાંધકામ માટે અંદાજિત 6 કરોડ 60 લાખથી વધુ, આઈકોનીક રોડ બનાવવા માટે અંદાજે 98 લાખ 66 હજાર સહિતના વિવિધ વિકાસ કાર્યોનો સમાવેશ થાય છે.

---